For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**મોતનો મલાજો ના સચવાયો**



PPP બેઝ પર ક્યૂબ કન્સ્ટ્રક્શન કંપની દ્વારા બનાવેલુ ભ્રષ્ટાચારના માળખા સમાન પીઓપીનું સ્ટ્રક્ચર તૂટી જતાં અમદાવાદના મુસાફરનું મોત નીપજ્યું હતું. મૃતકની લાશને કચરાના વચ્ચે તરછોડી દેવાઇ હતી કદાચ આ ઘટના સ્ટ્રક્ચર તૂટયુ એના કરતાં પણ કરૂણ છે.

### વડોદરા ST ડેપોમાં રૂપિયા 114 કરોડના ખર્ચે બનેલું આધુનિકતાના મહોરા હેઠળનું ભ્રષ્ટાચારનું માળખું ધરાશાયી

# એસટી ડેપોનું સ્ટ્રક્ચર ધરાશાયી, એકનું મોત

**એરપોર્ટ જેવી સુવિધાનાં દિવા સ્વપ્નો વચ્ચે મુસાફરો પર કાળ ત્રાટક્યો**

**વર્ષ 2015માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભવ્ય ઉદ્ઘાટન કરી વાહવાહી લૂંટી હતી**

**કરોડો રૂપિયાના ખર્ચે બનેલા સ્ટ્રક્ચરની ખરાબ ગુણવત્તા સામે સવાલોનો ઢગલો**

(પ્રતિનિધિ), વડોદરા. તા.10

વડોદરાના જે પ્રોજેક્ટને આખા દેશમાં મોડલ તરીકે રજૂ કરવામાં આવ્યો હતો, તે 114 કરોડનું 'સેન્ટ્રલ બસ સ્ટેશન' આજે રક્તરંજિત બન્યું છે. આજે બપોરે અચાનક બસ સ્ટેશનના ઉપરના ભાગનું વિશાળ સ્ટ્રક્ચર ધડાકાભેર તૂટી પડ્યું હતું. આ ભયાનક દુર્ઘટનામાં એક નિર્દોષ મુસાફરનું કાટમાળ નીચે દબાઈ જવાથી ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક વ્યક્તિ ઘાયલ થતા તેને હોસ્પિટલ ખસેડવામાં આવી છે.

બપોરના સમયે જ્યારે એસ.ટી. બસોની અવરજવર ચાલુ હતી, ત્યારે અચાનક વીજળીના કડાકા જેવો અવાજ આવ્યો અને છતનો એક મોટો



હિસ્સો નીચે ખાબક્યો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, "એક પળ માટે તો એવું લાગ્યું કે જાણે ભૂકંપ આવ્યો હોય." ધૂળની ડમરીઓ શમી ત્યારે લોખંડના સળિયા અને કોંક્રીટના ઢગલા વચ્ચે કરુણ આક્રંદ સંભળાતું હતું. ઘટનાને પગલે મુસાફરોમાં નાસભાગ મચી ગઈ હતી, જેના કારણે નાની-મોટી ઈજાઓ થવાના પણ અહેવાલ છે. આ અંગે ડીસીપી જગદીશ ચાવડાએ જણાવ્યું કે, પ્રાથમિક માહિતી મુજબ, મૃતક અમદાવાદના ચાંદખેડાના રહેવાસી છે. તે અંગે મૌખિક માહિતી મળી છે. વર્ષ 2015માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જેનું ભવ્ય ઉદ્ઘાટન કર્યું હતું, તેવા અત્યાધુનિક બસ સ્ટેન્ડની આવી હાલત જોઈને જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ બનાવ સંદર્ભે જે.એન. પટેલ વિભાગીય નિયામક એ જણાવ્યું હતું કે આ વડોદરાનું મુખ્ય બસ સ્ટેશન છે. જે લગભગ 2015ની અંદર ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ બસ સ્ટેશન નો મુખ્ય પ્રવેશ ગેટ છે ત્યાં સ્ટ્રક્ચર બનાવ્યું હતું. જે POP થી ડેકોરેટ કરીને બનાવવામાં આવ્યું હતું. જેનો અમુક ભાગ હાલમાં કોઈક કારણોસર ધરાશાયી થયો છે. આ બસ સ્ટેશન PPP બેઝ પર ક્યૂબ કન્સ્ટ્રક્શન કંપનીએ બનાવ્યું છે. અમારી ટેક્નિકલ ટીમ જરૂરી તપાસ કરી નિયમ અનુસાર આ બાબતે કાર્યવાહી કરશે.

---

- **સાંજે યાદી જાહેર થતાં દિવસોથી ચાલતા સસ્પેન્સનો અંત આવ્યો**
- **ટિકિટ વિતરણમાં ધારાસભ્યોનો દબદબો, કાર્યકરોમાં ગણગણાટ**
- **સ્થાનિક નેતૃત્વની અવગણના ચાલુ રહેશે તો પક્ષને નુકસાન:કાર્યકર્તા**

# ભાજપમાં 'નો-રિપીટ'નો સપાટો

# 61 નવા ચહેરાઓને તક

### પરિવારવાદ જરૂરીયાત કે મજબૂરી? : મેયર સહિત 5 હોદ્દેદારો ઘરભેગા

- **જ્ઞાતિ સમિકરણ : ભાજપની વિપક્ષી મતોમાં ગાબડાંની તૈયારી**
- **હેમિષાને પક્ષના દંડક બાળુ શુક્લા સાથેનો વિવાદ મોંઘો પડ્યો**
- **ભાજપે પરિવારવાદ સાથે પાયાના કાર્યકરોને પણ ટીકીટ આપી**

(પ્રતિનિધિ) વડોદરા તા.10

વડોદરા મહાનગરપાલિકાની આગામી ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ આક્રમક રણનીતિ અપનાવી છે. 19 વોર્ડની કુલ 76 બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કરી દેવામાં આવ્યા છે, જેમાં ભાજપે મોટો ઉલટફેર કરતા પ્રસ્થાપિત નેતાઓના સ્થાને 61 જેટલા નવા ચહેરાઓને તક આપી છે. પક્ષના આ નિર્ણયથી રાજકીય ગલિયારાઓમાં સોપો પડી ગયો છે, કારણ કે વર્તમાન મેયર પિન્કીબેન સોની અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શીતલ મિસ્ત્રી જેવા દિગ્ગજોની ટિકિટ કાપી નાખવામાં આવી છે. ભાજપે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે તે હવે બીજા સ્તરનું નવું નેતૃત્વ તૈયાર કરવા માંગે છે. 19 વોર્ડની આ યાદીમાં પક્ષે મહિલા અને યુવા સંતુલન જાળવવાનો પૂરેપૂરો પ્રયાસ કર્યો છે.

જોકે, એકતરફ નવા કાર્યકરોમાં ખુશીનો માહોલ છે, તો બીજી તરફ આટલી મોટી સંખ્યામાં ટિકિટ કપાતા આંતરિક નારાજગીના સૂર ઉઠવાની પણ શક્યતા સેવાઈ રહી છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીના જંગમાં ઉમેદવારોની પસંદગીમાં જનતાના અવાજ કરતાં 'ગોડફાધરો'ની ભલામણો વધુ વજનદાર સાબિત થઈ હોય તેવું ચિત્ર સામે આવ્યું છે. વડોદરાની ટિકિટ વહેંચણીમાં રાજકીય ગજગ્રાહ વચ્ચે મોટા માથાઓએ પોતાના માનીતાઓને મેદાનમાં ઉતારવા માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું.




**● નવા ઉત્સાહ સાથે જૂના અનુભવી નેતાઓનું માર્ગદર્શન જરૂરી**

ભાજપની યાદીમાં ભલે 61 નવા ચહેરાઓને સ્થાન આપવામાં આવ્યું હોય પણ પાર્લામેન્ટ્રી બોર્ડે વહીવટી અનુભવ અને મજબૂત પકડ ધરાવતા 15 જેટલા ઉમેદવારોને ફરીથી ટિકિટ આપી રિપીટ કર્યા છે. પક્ષે માન્યું છે કે નવા ઉત્સાહ સાથે જૂના અનુભવી નેતાઓનું માર્ગદર્શન જરૂરી છે. વોર્ડ નંબર 2 માં ભાણજી પટેલ અને વોર્ડ નંબર 9 માં શ્રીરંગ આયરે જેવા જૂના જોગીઓ પર પક્ષે ફરી કળશ ઢોળ્યો છે. આ રિપીટ થયેલા ઉમેદવારો પોતાના વોર્ડમાં મજબૂત જનધારા ધરાવે છે તેવું પણ માનવામાં આવે છે.

**●સ્મિત, નરવીરસિંહ અને શૈલેન્દ્રસિંહની ટિકિટમાં દિગ્ગજોની ભલામણ પાવરફુલ રહી!**

**રૂપાલા ફેક્ટર:** વડોદરામાં સ્મિત અરદેશણાને ટિકિટ અપાવવામાં કેન્દ્રીય નેતા પરસોત્તમ રૂપાલાની ભલામણ નિર્ણાયક સાબિત થઈ છે.**ચુડાસમાનો દાવ:** બીજી તરફ, પૂર્વ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા પણ પોતાના માનીતા નરવીરસિંહ ચુડાસમાને ટિકિટ અપાવવામાં સફળ રહ્યા છે.**સંતોની એન્ટ્રી:** માત્ર રાજકીય નેતાઓ જ નહીં, પરંતુ આધ્યાત્મિક ક્ષેત્રનો પ્રભાવ પણ જોવા મળ્યો હતો. કેટલાક પ્રભાવશાળી સાધુ-સંતોની ભલામણને પગલે શૈલેન્દ્રસિંહ ઠાકોરની પસંદગી કરવામાં આવતા અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે.

## રણનીતિ : 76 બેઠકોના ફોર્મ માટે 'નમો કમલમ' ખાતે વકીલોનો જમાવડો

ગુજરાતમાં આગામી 26મી એપ્રિલે યોજનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. વડોદરા મહાનગરપાલિકા સહિતની વિવિધ બેઠકો માટે ભાજપ દ્વારા ઉમેદવારોના નામ ગમે તે ઘડીએ જાહેર થવાની શક્યતા છે. આ સ્થિતિ વચ્ચે ભારતીય જનતા પાર્ટીએ સંગઠનાત્મક સ્તરે મજબૂત તૈયારીઓ શરૂ કરી દીધી છે. ખાસ કરીને ઉમેદવારી ફોર્મ ભરવામાં કોઈ કાયદાકીય ચૂક ન રહી જાય તે માટે પક્ષ દ્વારા વડોદરા કાર્યાલય 'નમો કમલમ' ખાતે કાયદાકીય નિષ્ણાતોની એક મોટી ટીમ મેદાનમાં ઉતારવામાં આવી છે.મળતી માહિતી મુજબ, 11મી એપ્રિલે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ છે. સમય મર્યાદા ઓછી હોવાથી અને છેલ્લી ઘડીએ કોઈ ગૂંચવણ ઊભી ન થાય તે હેતુથી ભાજપે 50 જેટલા અનુભવી વકીલો અને 10 નોટરીઓની વિશેષ ટીમ તૈયાર રાખી છે. આ ટીમ આજે વહેલી સવારથી જ ભાજપ કાર્યાલય ખાતે હાજર થઈ ગઈ છે અને નામ જાહેર થતાની સાથે જ 76 જેટલા ઉમેદવારોના ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરશે.

## 'પરિવારવાદ'નો વિરોધ કે મજબૂરી?

ભાજપ હંમેશા 'પરિવારવાદ'નો વિરોધ કરતો આવ્યો છે, પરંતુ વડોદરાની આ યાદીમાં કંઈક અલગ જ ચિત્ર ઉપસી રહ્યું છે. પૂર્વ ધારાસભ્ય અને મંત્રી જીતેન્દ્ર સુખડિયાના પુત્ર હિરેન સુખડિયાને ટિકિટ આપવામાં આવી છે. તેવી જ રીતે પૂર્વ નેતા દલસુખભાઈ પ્રજાપતિના પુત્ર, પૂર્વ સાંસદની રંજનબેન ભટ્ટ ના બહેન અને પૂર્વ મહિલા કાઉન્સિલરના રાખીબેન શાહના પતિને પણ મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. આ જોતા વિપક્ષ અને સ્થાનિક સ્તરે 'પરિવારવાદ'ની વાતો પોકળ સાબિત થઈ હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. એક તરફ શિસ્તમાં ગણાતી ભારતીય જનતા પાર્ટી જ્યારે પરિવારવાદનો વિરોધ કરી ઢંઢેરો પીસતી હોય ત્યારે વડોદરામાં પરિવારમાંથી અથવા પરિવારને કારણે કેટલાક ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી.

## રીપીટ ઉમેદવારો

- વોર્ડ 2 વર્ષા વ્યાસ
- વોર્ડ 2 ભાણજી પટેલ
- વોર્ડ 4 અજીત દઘીચ
- વોર્ડ-5 તેજલ વ્યાસ
- વોર્ડ 7 શ્વેતા ચૌહાણ
- વોર્ડ 8 રીટા આચર્યા
- વોર્ડ 8 મીનાબા ચૌહાણ
- વોર્ડ 9 શ્રીરંગ આયરે
- વોર્ડ 10 અવની સ્ટેમ્પવાલા
- વોર્ડ 10 નીતિન દોંગા
- વોર્ડ 11 નરવીર સિંહ ચુડાસમા
- વોર્ડ 12 રીટા સિંઘ
- વોર્ડ 12 સ્મિત પટેલ
- વોર્ડ 18 કેતન પટેલ
- વોર્ડ 19 પુનિતા વ્યાસ

## 5 દિગ્ગજ હોદ્દેદારોની થઈ બાદબાકી

ભાજપની આક્રમક 'નો રિપીટ' પોલિસીનો સૌથી મોટો ભોગ મહાનગરપાલિકાના ટોચના પાંચ હોદ્દેદારો બન્યા છે. સંગઠને જૂના ચહેરાઓને ઘરે બેસાડી નવા કાર્યકરો પર વિશ્વાસ મૂક્યો છે. જેમના પત્તા કપાયા છે તેમાં મુખ્યત્વે મેયર પિન્કી સોની, ડેપ્યુટી મેયર ચિરાગ બારોટ, સ્થાયી સમિતિના ચેરમેન શીતલ મિસ્ત્રી, દંડક શૈલેષ પાટીલ અને શાસક પક્ષના નેતા મનોજ પટેલનો સમાવેશ થાય છે. આ પાંચેય નેતાઓ શહેરના રાજકારણમાં મોટું કદ ધરાવે છે, છતાં પક્ષે શિસ્ત અને પરિવર્તનને પ્રાધાન્ય આપ્યું છે.

## સંતુલન સાધવાનો માસ્ટરપ્લાન

ટિકિટ ફાળવણીમાં ભાજપે વડોદરાના જ્ઞાતિ સમીકરણોને પણ ખૂબ જ બારીકાઈથી ધ્યાનમાં રાખ્યા છે. પાટીદાર, ઓબીસી, બ્રાહ્મણ અને મરાઠી મતોના પ્રભુત્વવાળા વિસ્તારોમાં તે જ જ્ઞાતિના પ્રતિનિધિઓને સ્થાન આપવામાં આવ્યું છે. ખાસ કરીને ઓબીસી અને પાટીદાર ફેક્ટરને મજબૂત રીતે જાળવી રાખીને ભાજપે વિપક્ષી મતોમાં ગાબડું પાડવાની તૈયારી કરી છે. મહિલા અનામત બેઠકો પર પણ શિક્ષિત અને પાયાના કાર્યકરોને પ્રાધાન્ય આપી સોશિયલ એન્જિનિયરિંગનો નમૂનો પેશ કર્યો છે.

## મહાનગરપાલિકા ઉમેદવાર યાદી

| વોર્ડ | ઉમેદવાર | સીટ |
|---|---|---|
| વોર્ડ નંબર 1 | કુંદનબેન અમીતભાઈ ટેલર | (સીટ 1) |
| | શ્વેતાબેન ભાવિનકુમાર શાહ | (સીટ 2) |
| | રાગ લલિતકુમાર માછર | (સીટ 3) |
| | કૃણાલ પ્રવિણભાઈ પટેલ | (સીટ 4) |
| વોર્ડ નંબર 2 | ધ્રુવીતાબેન મયંકકુમાર બ્રહ્મભટ્ટ | (સીટ 1) |
| | વર્ષાબેન જયેશકુમાર વ્યાસ | (સીટ 2) |
| | દામજીભાઈ હીરાભાઈ પ્રજાપતી | (સીટ 3) |
| | ભાણજીભાઈ ઈશ્વરભાઈ પટેલ | (સીટ 4) |
| વોર્ડ નંબર 3 | ઉર્વશીબેન પિન્કલભાઈ પંચાલ | (સીટ 1) |
| | કલ્પનાબેન મુકેશભાઇ પટેલ | (સીટ 2) |
| | પંકજ અરવિંદભાઇ તડવી | (સીટ 3) |
| | રણવીરસિંહ સબળસિંહ જાડેજા | (સીટ 4) |
| વોર્ડ નંબર 4 | શ્વેતાબેન ભરતભાઇ માછી | (સીટ 1) |
| | મધુબેન શૈલેષભાઈ જૈન | (સીટ 2) |
| | અજીત ચંપાલાલ દધીચ | (સીટ 3) |
| | મયુરભાઈ રમેશભાઇ ચોવટીયા | (સીટ 4) |
| વોર્ડ નંબર 5 | તેજલબેન બીજલભાઈ વ્યાસ | (સીટ 1) |
| | દક્ષાબેન ઉમેશભાઈ પટેલ | (સીટ 2) |
| | કેશુભાઈ ગોકડભાઈ જેઠવા | (સીટ 3) |
| | મનોજ ભીખાલાલ શાહ | (સીટ 4) |
| વોર્ડ નંબર 6 | ધરતીબેન જીગરભાઈ સોની | (સીટ 1) |
| | અનિતાબેન વિશ્વદિપ વિરપુરા | (સીટ 2) |
| | રણજીતભાઈ નારાયણભાઈ રાજપુત | (સીટ 3) |
| | પવનભાઈ પરષોત્તમભાઈ હેમનાની | (સીટ 4) |
| વોર્ડ નંબર 7 | મેઘા અંકીત રાણા | (સીટ 1) |
| | શ્વેતા કૃણાલ ચૌહાણ | (સીટ 2) |
| | આદિત્ય આનંતભાઈ પટેલ | (સીટ 3) |
| | સચીન દુલીચંદ ખંડેવાલ | (સીટ 4) |
| વોર્ડ નંબર 8 | રીટાબેન પરાસર આચાર્ય | (સીટ 1) |
| | શમીનાબા પરીમલસિંહ ચૌહાણ | (સીટ 2) |
| | અજયકુમાર પૂજાભાઇ ડાભી | (સીટ 3) |
| | કેતનકુમાર રજનીકાંતભાઈ પટેલ | (સીટ 4) |
| વોર્ડ નંબર 9 | દક્ષિતા જીગ્નેશ રાય | (સીટ 1) |
| | સુરેખાબેન મહેશભાઈ પટેલ | (સીટ 2) |
| | પરેશકુમાર હર્ષદભાઈ બ્રહ્મભટ્ટ | (સીટ 3) |
| | શ્રીરંગ રાજેશભાઈ આયરે | (સીટ 4) |
| વોર્ડ નંબર 10 | મમતાબેન ભદ્રેશભાઈ વ્યાસ | (સીટ 1) |
| | અવનીબેન ધવલભાઈ સ્ટેમ્પવાલા | (સીટ 2) |
| | બ્રિજેશભાઇ કનૈયાલાલ કાપડીયા | (સીટ 3) |
| | નીતિનકુમાર જયંતિલાલ દોંગા | (સીટ 4) |
| વોર્ડ નંબર 11 | નિમિષા નિલેશ શાહ | (સીટ 1) |
| | અર્ચના શૈલેષભાઇ પટેલ | (સીટ 2) |
| | ઉપેન્દ્રભાઈ દલસુખભાઇ પ્રજાપતિ | (સીટ 3) |
| | નરવિરસિંહ વિરમદેવસિંહ ચુડાસમા | (સીટ 4) |
| વોર્ડ નંબર 12 | શકુંતલાબેન રાકેશભાઇ વસાવા | (સીટ 1) |
| | રીટા રવિપ્રકાશ સીંઘ | (સીટ 2) |
| | સમીર ચતુરભાઇ વાઘેલા | (સીટ 3) |
| | સ્મિત છગનભાઈ અરદેશણા | (સીટ 4) |
| વોર્ડ નંબર 13 | ગીતાબેન ઉમેશભાઈ મકવાણા | (સીટ 1) |
| | નીધીબેન નિતીનકુમાર પટેલ | (સીટ 2) |
| | ગોપલભાઈ ભીખાભાઈ ગોહિલ | (સીટ 3) |
| | શૈલેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ ઠાકોર | (સીટ 4) |
| વોર્ડ નંબર 14 | દિપીકાબેન ધર્મેન્દ્રભાઈ પટ્ટણી | (સીટ 1) |
| | અંકીતા અભિજીત સોની | (સીટ 2) |
| | વિશાલ સુરેશચંન્દ્ર કાયસ્થ | (સીટ 3) |
| | સંતોષ કિશોરભાઈ ગરુડ | (સીટ 4) |
| વોર્ડ નંબર 15 | જ્યોતિબેન દિનેશચંન્દ્ર પંડયા | (સીટ 1) |
| | નયનાબેન દીપેશકુમાર શાહ | (સીટ 2) |
| | અજય લક્ષ્મણભાઈ રબારી | (સીટ 3) |
| | ઋષભ નલીનકુમાર કામદાર | (સીટ 4) |
| વોર્ડ નંબર 16 | સરસ્વતીબેન વિનાયકરાવ દેસાઈ | (સીટ 1) |
| | જાગૃતિબેન ધવલભાઇ પટેલ | (સીટ 2) |
| | વિજય કનૈયાલાલ ચૌહાણ | (સીટ 3) |
| | રાજીવરંજન બીરેન્દ્ર કુમાર ત્રિપાઠી | (સીટ 4) |
| વોર્ડ નંબર 17 | મીનાબેન રણછોડભાઈ પરમાર | (સીટ 1) |
| | કોકીલાબેન ભાઉસાહેબ પવાર | (સીટ 2) |
| | ભુપેન્દ્રભાઈ નારાયણભાઈ માછી | (સીટ 3) |
| | હિરેનભાઈ જીતેન્દ્રભાઈ સુખડીયા | (સીટ 4) |
| વોર્ડ નંબર 18 | દીપાબેન જયેશભાઈ પંચાલ | (સીટ 1) |
| | માધવી મનીષ ગાયકવાડ | (સીટ 2) |
| | ચેતન રતિલાલ પરમાર | (સીટ 3) |
| | કેતન બાબુભાઈ પટેલ | (સીટ 4) |
| વોર્ડ નંબર 19 | નિમિષાબેન મહેશકુમાર પંચાલ | (સીટ 1) |
| | પુનિતા ગોપાલકુમાર વ્યાસ | (સીટ 2) |
| | પ્રણવ રાય | (સીટ 3) |
| | વિરેનકુમાર બીપીનચંન્દ્રપટેલ | (સીટ 4) |

ટિકીટોને લઇને 19 વોર્ડના ઉમેદવારો તો નક્કી થયા પરંતુ વોર્ડ 03,16 અને 18ના કાર્યકરોમાં અસંતોષ

## વોર્ડ-18માં આયાતી ઉમેદવારો સામે કાર્યકરોનો હલ્લાબોલ



'સ્થાનિકને ટિકિટ નહીં તો શું અમે માત્ર મજૂરી કરવાના?' - આ વેધક સવાલ સાથે વોર્ડ નંબર 18ના સ્થાનિક ભાજપ કાર્યકરોએ પક્ષ સામે મોરચો માંડ્યો છે. વર્ષોથી પાયાનું કામ કરતા સનિષ્ઠ કાર્યકરોને પડતા મૂકીને અન્ય વિસ્તારના 'આયાતી' નેતાઓ ચેતન પરમાર અને દીપા પંચાલને ટિકિટ આપવામાં આવતા સંગઠનમાં ભડકો થયો છે. રોષે ભરાયેલા કાર્યકરોએ પક્ષમાં ઘર કરી ગયેલા 'પરિવારવાદ' સામે ખુલ્લો આક્ષેપ કર્યો છે. નારાજ કાર્યકરોએ ચીમકી ઉચ્ચારી છે કે જો સ્થાનિક નેતૃત્વની અવગણના ચાલુ રહેશે તો તેઓ સામૂહિક રાજીનામાં આપી ચૂંટણી પ્રક્રિયાથી અલિપ્ત રહેશે. આ આંતરિક વિખવાદે ચૂંટણી ટાણે જ ભાજપની શિસ્તબદ્ધ છબી સામે અનેક સવાલો ઉભા કર્યા છે.

## પોર બેઠક પર ટિકિટ વિતરણ બાદ આંતરિક જૂથબંધી સપાટી પર




વડોદરા જિલ્લા પંચાયતની હાઈપ્રોફાઈલ ગણાતી પોર બેઠક પર ઉમેદવાર તરીકે અંકિતા પરમારના નામની જાહેરાત થતાની સાથે જ ભારતીય જનતા પાર્ટીમાં ભડકો થયો છે. શિસ્તબદ્ધ ગણાતા પક્ષમાં આંતરિક જૂથબંધી અને અસંતોષ જ્વાળા બનીને બહાર આવ્યા છે. પાયાના કાર્યકરો અને અન્ય મજબૂત દાવેદારોએ સંગઠન સામે મોરચો માંડ્યો છે.આ વિવાદમાં સૌથી મોટો વિસ્ફોટ મજબૂત દાવેદાર ગણાતા નયનાબેન પરમારે કર્યો છે. તેમણે પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ રસિક પ્રજાપતિ સામે સીધા આર્થિક વ્યવહારના આક્ષેપો કર્યા છે. નયનાબેનનો ગંભીર આક્ષેપ છે કે, પક્ષ માટે વર્ષોથી ઘસાયેલા સક્ષમ કાર્યકરોની અવગણના કરીને માત્ર નાણાકીય લેવડદેવડના આધારે અંકિતા પરમારની પસંદગી કરાઇ છે.

## વડોદરા ભાજપમાં 'ધાર્યું' ધણીનું ટિકિટ વિતરણમાં ધારાસભ્યોનો દબદબો

સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે ભાજપ દ્વારા જાહેર કરવામાં આવેલી યાદીમાં સંગઠન કરતાં ધારાસભ્યોનું જોર વધુ રહ્યું હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. ખાસ કરીને વોર્ડ નંબર 18માં ધારાસભ્ય યોગેશ પટેલે પોતાની રાજકીય તાકાત બતાવી મનપસંદ ગણાતા કલ્પેશ પટેલને ટિકિટ અપાવવામાં સફળતા મેળવી છે. બીજી તરફ, વોર્ડ નંબર 14માં પણ ધારાસભ્ય અને દંડક બાળુ શુક્લનો સિક્કો ચાલ્યો હોય તેમ તેમના માનીતા ઉમેદવારને ટિકિટ મળતા સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવ્યો છે. મોટા ગજાના નેતાઓએ પોતાના 'ખાસ' ગણાતા સમર્થકોને મેદાનમાં ઉતારવામાં સફળતા મેળવી છે, પરંતુ આ 'પસંદગીના રાજકારણ'ને પગલે પાયાના કાર્યકરોમાં અસંતોષની લાગણી જન્મી છે.

## પૂર્વ કાઉન્સિલરોના પત્તા કપાયા ક્યાંક 'ગોડફાધર' ફળ્યા, તો ક્યાંક વિવાદ નડ્યો!

શહેરમાં સૌથી વધુ ચર્ચા વોર્ડ નંબર 6 ની થઈ રહી છે. અહીંના પૂર્વ કાઉન્સિલર હેમિષાબેન ઠક્કરને પક્ષના દંડક બાળુ શુક્લા સાથેનો વિવાદ મોંઘો પડ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બાળુ શુક્લા સાથેની નારાજગીને કારણે હેમિષાબેનનું નામ કપાયું છે અને તેમને આ વખતે મેદાનમાં ઉતરવાની તક મળી નથી.એક તરફ જ્યારે શિસ્તબદ્ધ ગણાતા પક્ષમાં આંતરિક વિખવાદો સપાટી પર આવ્યા છે, ત્યારે બીજી તરફ સંગઠન પર પકડ ધરાવતા નેતાઓએ પોતાના માનીતાઓને ટિકિટ અપાવીને પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે. ટિકિટ વહેંચણીમાં થયેલા આ ફેરફારોને કારણે પક્ષના પાયાના કાર્યકરોમાં પણ ભારે ગણગણાટ જોવા મળી રહ્યો છે.

## ભાજપે દિગ્ગજોના પત્તા કપાયા, રીક્ષા ચાલક અને પાયાના કાર્યકરોને મળી ટિકિટ!

પક્ષ દ્વારા આ વખતે વડોદરામાં એવા નામોની પસંદગી કરવામાં આવી છે જેઓ વર્ષોથી સંગઠન માટે લોકપ્રતિનિધિ તરીકે નહીં પણ સેવક તરીકે કાર્યરત હતા. જેમાં કોકીલાબેન પવાર, સંતોષ ગરુડ અને લલિત માછરના પુત્ર રાગ માછર જેવા પાયાના કાર્યકરોની મહેનતની પક્ષે નોંધ લીધી છે.સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર ઉપેન્દ્ર માછી બન્યા છે, જેઓ વ્યવસાયે સ્કૂલ રીક્ષા ચલાવે છે. એક સામાન્ય રીક્ષા ચાલકને કોર્પોરેશનની ટિકિટ આપીને પક્ષે 'સામાન્ય કાર્યકરનું સન્માન' કરવાનો મજબૂત સંદેશ વહેતો કર્યો છે.વર્ષોથી સત્તા પર ટકેલા અનેક માંધાતાઓના નામ યાદીમાંથી ગાયબ થતા રાજકીય વર્તુળોમાં સોપો પડી ગયો છે. બીજી તરફ, પક્ષના આ નિર્ણયથી નિષ્ઠાવાન કાર્યકરોમાં નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## વડોદરામાં શિક્ષણનો વિજય પૂર્વ પ્રમુખ ડો. વિજય શાહની ભલામણ ફળી

ડો. વિજય શાહ દ્વારા ભણેલા અને સમાજમાં સારા વ્યક્તિત્વ તરીકે કાર્યરત એવા ઉમેદવારો માટે ખાસ ભલામણ કરવામાં આવી હતી. પાર્ટી દ્વારા આ નામો પર મહોર મારવામાં આવતા હવે નિમિશા શાહ અને અર્ચના પટેલ જેવા ભણેલા અને કાર્યક્ષમ ઉમેદવારો કોર્પોરેશનના જંગમાં જોવા મળશે.શિક્ષિત અને પાયાના સ્તરે મહેનત કરનારા આ ઉમેદવારોની પસંદગી થતા સ્થાનિક રહીશો અને કાર્યકરોમાં ભારે હર્ષની લાગણી જોવા મળી રહી છે.રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે ડો. વિજય શાહે જે રીતે શિક્ષિત તેમજ સારા કાર્યકર્તા સામાજિક સેવાઓ સાથે જોડાયેલા અને મહેનતુ કાર્યકરો માટે લડત આપી, તેનાથી પક્ષની છબી વધુ ઉજળી બની છે.